# પ્રકાશક

પ્રકાશક અથવા પ્રકાશન ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યવસાયી, એક એવી વ્યક્તિ છે જે અનેક મીડિયા અથવા પ્રકાશન ગૃહો સાથે સંપર્ક કરવાની ક્ષમતા ધરાવે છે અને સુનિશ્ચિત કરે છે કે તેમના ગ્રાહકો (લેખક)નું કાર્ય પ્રકાશિત થાય. એક વ્યક્તિ અથવા તો એક કંપની પ્રકાશક તરીકે કાર્ય કરી શકે છે. પ્રકાશક, તેમના ગ્રાહકોના કાર્યને વ્યક્તિગત રીતે સંપાદિત કરે છે, પ્રૂફરીડ કરે છે અને સામાન્ય પ્રેક્ષકો સમક્ષ પ્રસ્તુત કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમારી પાસે સારી આયોજન કરવાની તેમજ અમલીકરણ કરવાની કુશળતા છે
- તમે અંગ્રેજી ભાષા અથવા સ્થાનિક ભાષામાં કૌશલ્ય ધરાવો છો
- તમે નેતૃત્વ પુરું પાડવની ક્ષમતા ધરાવો છો
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (જોકે માનવશાસ્ત્રના વિષય સાથે ઇચ્છનિય છે.) અને ત્યારબાદ, પત્રકારત્વ અને માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

- કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (જોકે માનવશાસ્ત્રના વિષય સાથે ઇચ્છનિય છે.) અને ત્યારબાદ, પત્રકારત્વ અને માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવો. ત્યારબાદ, પત્રકારત્વ અને માસ કોમ્યુનિકેશનમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પ્રકાશકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૭,૪૮૨ થી ૧૯,૧૮૨*** જેટલું હોય છે.

સ્રોત : https://www.ambitionbox.com/profile/publisher-salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે નાના અથવા મોટા પ્રકાશન ગૃહો, અખબારો, સામયિકોમાં અથવા પરામર્શકર્તા તરીકે કામ કરી શકો છો.

ઉદ્યોગ સાહસિકતા: તમે તમારું પોતાનું પ્રકાશન ગૃહ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે મોટેભાગે ઓફિસમાં કામ કરશો. મુલાકાતો, સંમેલનો અને પ્રચાર-પ્રસાર માધ્યમોની મુલાકાત લેવા માટે તમારે મુસાફરી કરવી પડી શકે છે. પ્રકાશક દ્વારા સપ્તાહના અંતમાં તેમજ મોડી સાંજે કામ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહયોગી સંપાદક → વરિષ્ઠ સંપાદક → મુખ્ય સંપાદક → પ્રકાશક → સહયોગી પ્રકાશન નિયામક → પ્રકાશન નિયામક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પબ્લિશર, બુક પબ્લિશિંગ, પબ્લિશિંગ કન્સલટન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. લેડી શ્રી રામ કોલેજ ફોર વુમન, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. કેરળ યુનિવર્સિટી
૪. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૫. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૬. ફારૂક કોલેજ, કોઝિકોડ
૭. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૮. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી
૯. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા (બુક પબ્લિશિંગ સ્ટડીઝમાં પી.જી. ડિપ્લોમા કોર્સ ઉપલબ્ધ કરાવતી એકમાત્ર યુનિવર્સિટીઓ પૈકીની એક)
૧૦. એચ.એન.જી.યુ., પાટણ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. સિમ્બાયોસિસ ઇન્સ્ટિટ્યુટ ઓફ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન, પુણે
૩. મીડિયા સ્ટડીઝ વિભાગ, ક્રાઇસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. ટાઈમ્સ સ્કૂલ ઓફ જર્નાલિઝમ, નવી દિલ્હી
૫. મણિપાલ ઈન્સ્ટિટ્યુટ ઑફ કોમ્યુનિકેશન્સ, મણિપાલ
૬. મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ, ચેન્નાઈ
૭. બી.ડી. આર્ટસ કૉલેજ ફોર વુમન, ખેડા
૮. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૯. ગ્રાફિક એરા હિલ યુનિવર્સિટી, દેહરાદૂન
૧૦. સોફિયા કોલેજ ફોર વુમન, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ




## સાફલ્ય ગાથા

**ગીતા વુલ્ફ** એક ભારતીય પ્રકાશક હોવીની સાથે સાથે એક લેખક પણ છે. તે તારા બુક્સના સ્થાપકોમાંના એક છે. તારા બુક્સ એ ગીતા વુલ્ફ દ્વારા વર્ષ ૧૯૯૪માં શરૂ કરવામાં આવેલ એક સ્વતંત્ર પ્રકાશન ગૃહ છે. ભારતીય લોક અને આદિવાસી કલાની સમૃદ્ધ વિવિધતા સાથેનું જોડાણ એ પ્રકાશનનો એક અભિન્ન અંગ રહ્યું છે. ૨૦ વર્ષના સમયગાળામાં, તેઓ પ્રથમ વખત આવા કલાકારોની શ્રેણીને પુસ્તક સ્વરૂપમાં લાવ્યા છે.*

સ્રોત : https://www.educationworld.in/tara-story-teller-gita-wolf/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.